ભક્ત સમાજ

# લગ્ન ગીત

# Bhakta Samaj Lagna Geet

August 2026

Ramkabir Bhajans website

http://ramkabirbhajans.org

॥ સત્યનામ ॥




સદ્ગુરુ કબીર સાહેબ

ॐ

# ભક્ત સમાજ લગ્ન ગીત

ભારતીય સંસ્કૃતિ અને તેમાં કબીર પરંપરાનો અનુયાયી ભક્ત સમાજ જેનો ભાતીગઢ ઇતિહાસ અનોખો છે. જેમાં માનવ જીવનના શુભ પ્રસંગોની વૈદિક વિધિઓને આપણા આદ્ય કવિઓ નરસિંહ મહેતા, અખો, પ્રેમળ, મીરાં, કબીર અને લોકકવિઓની તત્વ, જ્ઞાન, વૈરાગ્ય અને સ્નેહના પદો જેમાં રામ અને સીતા, રાધા અને કૃષ્ણ, શિવ અને પાર્વતીના વિવાહ પ્રસંગના લગ્ન ગીતો દ્વારા વિધિ સંપન્ન કરે છે.

# અનુક્રમણિકા


| ક્રમ | પદનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | વીરા લીલી ઘોડી રે પીળો ચાબકો ............ | ૧ |
| ૨. | આ તીરે ગંગા ને પેલી તીરે જમના ............ | ૨ |
| ૩. | ઊંચી નીચી મેડી મારા વીરાની હવેલી ............ | ૨ |
| ૪. | જીરે એકાદશી મધુસૂદની ............ | ૩ |
| ૫. | પરથમ શ્રી ગુરૂને શીશ નમાવીએ ............ | ૪ |
| ૬. | આજ મારે આંગણીએ આવીને રંગ વધાવ્યો રે ............ | ૬ |
| ૭. | સતગુરૂ સહાય કરો એકવાર રે ............ | ૭ |
| ૮. | નવલંકી નવલ શાને કાજ ............ | ૮ |
| ૯. | કંકુ છાંટી કંકોતરી મોકલી ............ | ૯ |
| ૧૦. | સતગુરૂજી રે લગન લઈ આવ્યા ............ | ૧૦ |
| ૧૧. | ગંગા રે જમુનાના નીર મંગાવો ............ | ૧૨ |
| ૧૨. | રાધાજી રે ઘણું હરખ્યાં છે મન ............ | ૧૩ |
| ૧૩. | પ્રભુજી વિના મારે પલક ના ચાલે ............ | ૧૫ |
| ૧૪. | સંતો સાથમાં તુલસી હાથમાં બોઢાણો હરિજન ............ | ૧૬ |
| ૧૫. | કોણ રાયની તુલસી ને ............ | ૧૮ |
| ૧૬. | ગુરૂ ચરણે કરજોડી લાગું ............ | ૨૦ |
| ૧૭. | એના વિરલા કોઈ વાંચનહાર ............ | ૨૨ |
| ૧૮. | હું તો હરજી જોવાને રે નિસરી ............ | ૨૪ |
| ૧૯. | જીરે આ રે લીલા દીનાનાથની ............ | ૨૫ |
| ૨૦. | ખંભાતી ઘડું બાજઠડો અમદાવાદી ચિતર્યો રે ............ | ૨૬ |

| ક્રમ | પદનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૧. | હાથમાં નાળિયેર રે ભાઈની ડોકે વરમાળા | ૨૮ |
| ૨૨. | તુલસીના ક્યારામાં કંકુના છાંટા | ૨૯ |
| ૨૩. | ફૂલડે તે ફગર ભરાવીયા રે | ૩૧ |
| ૨૪. | મંડપ ખંભ સોનાતણા રે | ૩૨ |
| ૨૫. | જીરે સખીઓ તે સર્વે ટોળે મળ્યા | ૩૫ |
| ૨૬. | સખી રે આજ આનંદ | ૩૬ |
| ૨૭. | રખોમણી લખી કાગળ મોકલે રે | ૩૮ |
| ૨૮. | તું તો રામ રટણ કર રંગમાં | ૪૧ |
| ૨૯. | કંકુ છાંટી કંકોતરી | ૪૨ |
| ૩૦. | અમદાવાદી એલચડીનો છોડ રે | ૪૫ |
| ૩૧. | ઘોડી વરઘોડો ગાયે | ૪૬ |
| ૩૨. | રાજા જનકને માંડવે | ૪૮ |
| ૩૩. | સજની રે તું તો સ્વપ્ન અંતર મન લાધ્યું રે | ૫૦ |
| ૩૪. | ભમરા રે તારા ચાકરિયારા પાન | ૫૨ |
| ૩૫. | ઉઠો ભીખુભાન વળાવોની જાન | ૫૩ |
| ૩૬. | સમજુ બાળકી જાય સાસરે | ૫૪ |
| ૩૭. | મારે આંગણે વાયસ | ૫૭ |
| ૩૮. | રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે | ૫૮ |
| ૩૯. | જોગીન્દ્ર પણું રે શિવજી તમારૂ મેં જાણ્યું | ૬૦ |
| ૪૦. | રામ લક્ષ્મણ વન સીધાવ્યા | ૬૨ |
| ૪૧. | કુવાને કાંઠે બે સાધુ વૈરાગી | ૬૫ |
| ૪૨. | હરિને ભજતાં હજી કોઈની લાજ | ૬૬ |

ॐ

## ૧. વીરા લીલી ઘોડી રે પીળો ચાબકો

વિવાહ પ્રસંગના કામો આતોગવા ઘરની બેનને પ્રથમ આમંત્રણ ...

અનુક્રમણિકા

વીરા લીલી ઘોડી રે પીળો ચાબકો
વીરા ઘોડીના થાવ અસવાર રે
વેવા રે આવ્યા ઢુંકડા
વીરે ત્યાંથી તે ઘોડી રે ખેલવી
ઘોડી ગઈ રે સ્યાદલા ગામ પર ઠેઠ ... વેવા રે
બેની ઉઠો ભોળા રે રાયવર શામળા
બેની મોતીના લેવો શણગાર રે ... વેવા રે
વીરા હું કેમ આવું રે એકલી
મારા ઈચ્છાવર સરખા છે કંથ ... વેવા રે
મારા ઈચ્છાવરને આપું સાજન ઘોડલો
મારી બેનીને પાલખીની જોડ રે ... વેવા રે
વીરે ત્યાંથી તે ઘોડી રે ખેલવી
ઘોડી આવી રે સ્યાદલા ગામ પર હેઠ ... વેવા રે
વીરા પાદરે પાકી રે બોરડી
મારા કયા ભાઈ ચઢે રે હિંડોળે ... બેની રે ખોળા પાથરે
વીરા હળવે હળવે હિંડોળો ... ફાટે રે મારી ચુંદડી
બેની ફાટે તો ફાટવા દેવ રે ... અવસરે બીજી લાવીશું

## ૨. આ તીરે ગંગા ને પેલી તીરે જમના

અનુક્રમણિકા

આ તીરે ગંગા ને પેલી તીરે જમના, વચમાં સરસ્વતી નદી વહે રે
સોનાનું બેડું ને રૂપલા ઈંઢોણી, સીતાવેલ પાણીલા સંચર્યા રે
રાસ જ ટૂંકી ને ઘડુલો ના ડુબે, કૂવા ને કાંઠે ઉભા રહ્યા રે
સોનાની ગેડી ને રૂપા દડુલો, રામચંદ્ર રમવાને નિસર્યા રે
કોણ રાયના પુત્ર ને કોણ તમારા નામ, કઈ રે નગરીના ગરાસીયા રે
દશરથના પુત્રને રામચંદ્ર નામ, અયોધ્યા નગરીના ગરાસીયા રે
કોણ રાયની પુત્રી ને કોણ તમારાં નામ, કઈ રે નગરીની ગરાસણી રે
જનકરાયની પુત્રીને સીતાવેલ નામ, હજીએ છું બાળ કુંવારણી રે
સાત સોપારી ને પાનના બીડાં, લગન નિર્ધારી વહેલા આવજો રે

## ૩. ઊંચી નીચી મેડી મારા વીરાની હવેલી

ઊંચી નીચી મેડી મારા વીરાની હવેલી, ત્યાં રે ઢોળાવું ચમર ઢોલીયા રે
એ રે ઢોલીએ મારા કયા ભાઈ પોઢે, કઈ વહુ હીંડોળે રાણી વાયરા રે
વાવ ઢોળંતાં ને વાત પૂછંતાં, કઈ બેન નણંદીને નહિ તેડીએ રે
ઓછા પીયરની તું ઓછું શું બોલે, બેની વિના કેમ ચાલશે રે
સોનૈયા ખર્ચું તો બેની નહિ આવે, ખાસડા ખંખેરૂ ગોરી આવશે રે

## ૪. જીરે એકાદશી મધુસૂદની

નાદબ્રહ્મ પદ-૮૦૫
વર કન્યાને પીઠી ચડાવતા ગવાતા પદો ...

અનુક્રમણિકા

જીરે એકાદશી મધુસૂદની, ત્યાં દિવસે હોયે વિવાહ મેદની;
ત્યાં સંત સર્વે હોયે નોતરા, એવા વિવાહના નીપજે છાંટણા ........ ટેક

ચઢ્યો ફૂલ કેવળ બહુ વારણા, બ્રહ્મા બાંધોને તરીયા તોરણો
ત્યાં ઘેર ઘેર ઘોડીઓ ઉછરે, મળ્યાં સુરીનર ત્રિભુવન રાજીયાં ..... ૧

ત્યાં પાંચ શબ્દ ઘણાં વાગીયા, મળ્યાં સુરીનર ધવલ દે અતિઘણાં
હરિની જાન આવી રળિયામણી, અતિ હરખે માગે વધામણી ....... ૨

હરિની જાન પહોંચી જાનૈયા વાસમેં, ત્યાં જાનૈયા પોંક્યા વાસુદેવને
ત્યાં ફૂલ તંબોળ સામાન, ત્યાં અપ્સરા નાચે ઓચ્છવ હોય .......... ૩

ત્યાં ઘડિઆરા લગ્ન રહ્યા સાંધ્યા, વર ને ખૂંપ ભર્યો સર્વે આનંદે
હવે લાડીને મોકલો સુઘડી, ત્યાં લગન ઘડી રહી ઢુંકડી ............. ૪

ત્યાં સમો વરતે સાવધાન રે, ત્યાં મધુપતે હોયે અર્ધ્યમાન રે
ત્યાં નારી અંતરપટ ધરે, વરે લગ્ન સમયે કન્યા કરગ્રહી રે ......... ૫

## **૫.** પરથમ શ્રી ગુરૂને શીશ નમાવીએ

અનુક્રમણિકા

પરથમ શ્રી ગુરૂને શીશ નમાવીએ
 વળતી તુલસીના વેવા મલાવીએ
આવ્યો મધુરો અમૃત રસ પીજીએ
 હરિને હરખે બ્રહ્માનંદ લીજીએ
અખાડે તે આરંભ કીજીએ
 ગુણ ગાઈને લ્હાવો રે લીજીએ
આવ્યો શ્રાવણ માસ ગંભી રહ્યો
 ભલા વરસે તે નિર્મળ નીર રે
રૂડા ભીંજે તે ચૉરીના ચીર રે
 આવ્યો ભાદરવો ભર માસ રે
હરિ પૂરે તે મનની આશ રે
 રૂડા તુલસીના ક્યારા બંધાવીએ
માંડવ ઘડના તે તુલસી મંગાવીએ
 રાતી પીળી ગોરમટી મંગાવીએ
ગંગા જમનાના નીર મંગાવીએ
 વારૂં જતન કરીને રોપાવીએ
તુલસી માતા તે લેરે જાય રે
 અરધી મરધી કચોલો ભરાવીએ

શામળીયાને વાને બેસાડીએ

સુવાસેણ ચાર તેડાવીએ

પીઠી હરજીના અંગે ચઢાવીએ

ત્યાં સોનાના સ્થંભ રોપાવીએ

ત્યાં ચીર ચંદરવા બંધાવીએ

ત્યાં થાશે તે ચોરી સાંતેક રે

શામળીયા ગોરમટી મંગાવીએ

ગંગા જમનાના નીર મંગાવીએ

વારૂ સુંદર ચોરી રચાવીએ

મહીં ઘી જવ તલ હોમાવીએ

વાની દેવતા તે તરપત થાય રે

સૌ નારીઓ મંગલ ગાય રે

સુવાસેણ ચાર તેડાવીએ

પીઠી હરજીને અંગેથી ઉતારીએ

## ૬. આજ મારે આંગણીએ આવીને રંગ વધાવ્યો રે

અનુક્રમણિકા

આજ મારે આંગણીએ આવીને રંગ વધાવ્યો રે
સુંદર શામળિયાજી પ્રીતે પધાર્યા રે

સખી રે એને મારે પ્રીત પેલા ભવ તણી રે
હથેવારો સાર્યો ને અખંડ હું થઈ રે

ઈચ્છા વર અલબેલાજીને હું વરી રે
    મંગલ ફેરા ફરીને સફળ હું થઈ રે

કંસાર કોળીયા વાળીને લીધા હાથમાં રે
    હું તો પરણી ચૉરી માંહે એ લાલને રે

જે કોઈ ન પામે તે પામી મોંઘા મૂલને રે
    સુખના રાજ આવ્યા ને દુઃખની ઘડીઓ ગઈ રે

જગમાં જશ વધ્યો ને હરિ ગુણ ગાઈએ રે
    રીઝ્યા નરસૈંયાના સ્વામી અમીરસ પાઈએ રે

## ૭. સતગુરુ સહાય કરો એકવાર રે

નાદબ્રહ્મ પદ-૭૯૦

અનુક્રમણિકા

સતગુરુ સહાય કરો એકવાર રે, મારો તો મૂરખનો અવતાર રે
પત્થર કરતાં કઠણ હૈયું પ્રભુ મારું રે, તેમાં તો નામ ના ભેદ તમારું રે ..ટેક

સતગુરુ વાત છે એવી વાંકી રે, સતગુરુએ પત્થર નાંખ્યા ટાંકી રે
ટાંકીને મારગ મુકતા કીધાં રે, સતગુરુએ મંત્ર અવિચલ દીધા રે ... ૧

જે કોઈ સંતને આસન આપે રે, તેને વ્હાલો પોતાનો કરીને સ્થાપે રે
જે કોઈ સંતને ધાઈને ભેટે રે, તેને વ્હાલો જન્મ મરણ દુઃખ મીટે રે ... ૨

જે કોઈ સંતને ચરણે નમશે રે, તે તો મારા ગુરૂ ગોવિંદને ગમશે રે
આત્મા તો જ્ઞાન વિના ઘર સૂનું રે, સગપણ શોધી કાઢો કાંઈ જૂનું રે ... ૩

જીવ તું તો જોતો નથી કાંઈ જાગી રે, મુઆ પછી મુક્તિ તેં શાની માગી રે
એવી છે દાસ હરિની વાણી રે, તે તો તમે રૂદિયામાં રાખજો આણી રે ... ૪

## ૮. નવલંકી નવલ શાને કાજ

નાદબ્રહ્મ પદ-૮૧૬

વડી કારજ વખતે ગવાતું ગીત ...

અનુક્રમણિકા

નવલંકી નવલ શાને કાજ, માંડવડો મારો લળી રહ્યો રે ........... ટેક

ગુંજારા રે કંબાડોની  સાન રે, ચોર્યાશી લખજો પાંખડી રે .......... ૧

બાંધો રે બાંધો તોરણ ઘર ને બાર, લુણા રે મનષા સુવાસેણ રે ... ૨

વાગે રે વાગે તાલ ને મૃદંગ, વાજીંત્ર વાગે શોભતા રે ............... ૩

વાગે રે વાગે નોબત ને શરણાઈ, ત્યાં ભેદ વાગે મેદના રે ......... ૪

તેડો રે તેડો ઢોલીડા સૌ નાર, તેણે રે મારો રંગ રહેશે રે ........... ૫

ચેતો રે ચેતો સાધુજન ને સંત, વેવા રે આવ્યા ઢુંકડા રે ............. ૬

મોટા મોટા સાધુજન ને સંત, હરિદાસ લેજો ટેલડી રે ................. ૭

## ૯. કંકુ છાંટી કંકોતરી મોકલી

મંડપ મુરત વખતે ગવાતું ગીત ...

અનુક્રમણિકા

કંકુ છાંટી કંકોતરી મોકલી, કેસર છાંટી કંકોતરી મોકલી
એમાં લખીયુ લાડકણાનું નામ, માણેક સ્થંભ રોપીયો

પહેલી કંકોતરી કાકા ઘેર મોકલી (૨)
કાકા-કાકી હોંશે ભત્રીજા પરણાવો રે ... માણેક

બીજી કંકોતરી મામા ઘેર મોકલી (૨)
મામા-મામી હોંશે મોસાળુ લઈને આવો રે ... માણેક

ત્રીજી કંકોતરી ફોઈ ઘેર મોકલી (૨)
ફોઈ-ફૂવા હોંશે ભત્રીજા પરણાવો રે ... માણેક

## ૧૦. સતગુરુજી રે લગન લઈ આવ્યા

લગ્નના દિવસોના સંધ્યા ટાણે ગવાતા પદો ...

નાદબ્રહ્મ પદ-૭૬૯

અનુક્રમણિકા

સતગુરુજી રે લગન લઈ આવ્યા, શબ્દ સંસાર મારે મન ભાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો ભાગ્ય ફર્યાં પેલા ભવતણા રે .... ટેક

શબ્દરૂપી ચાંદલિયો રે ચોડ્યો, નિવૃત્તિ કન્યાનો વિવાહ રે જોડ્યો;
કામ ક્રોધનો ભય સહુ મોળ્યો, તો વિવાહ જોડ્યાં જુગતે કરી રે ........ ૧

ગગન મંડલમાં માંડવ રચાવ્યો, પચરંગી રંગે રે રંગાયો;
અમીરસ રૂપી દોરીએ બંધાયો, તો છાયો કાચા તાર શું રે .................. ૨

મંડપની શોભા અતિ સારી, રત્ન જડિત ઝરૂખા ને જારી;
અનંત કલા સુરતિ જાયે વારી, તો ઝળહળ જ્યોતિ ત્યાં ઝળહળે રે .... ૩

હૃદયમાં હરિવર તોરણે આવ્યા, સોળે કળા સંપૂર્ણ રે લાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો નિરખ્યા રૂપ નયણાં ભરી રે ..... ૪

સુષ્મણા સાસુજી પોંકવા આવ્યા, પાંચ પચ્ચીશને વારીને લાવ્યા;
ઇંગલા પિંગલાને બેડલાં ચઢાવ્યાં, તો પોંકણ પોંક્યા પ્રેમશું રે ......... ૫

નિવૃત્તિ કન્યાને પધરાવો, સતગુરુ શબ્દનો હસ્ત મેળવાવો;
રણકાર વેદની ધૂન મચાવો, તો અનહદ વાજાં ગડગડે રે ............. ૬

ભજન કરી જેણે હરિવર વરીઆ, જન્મ મરણના ફેરા રે ટળીઆ;
કહે પ્રેમદાસ સાચા સતગુરૂ મળ્યા, તો અખંડ ચૂડો અમર રહ્યો રે ... ૭

## ૧૧. ગંગા રે જમુનાના નીર મંગાવો

નાદબ્રહ્મ પદ-૭૬૧

અનુક્રમણિકા

ગંગા રે જમુનાના નીર મંગાવો, વર વનમાળીને સ્નાન કરાવો;
કેસરીયા વરને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતા રે ... ટેક

પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટકે રે લટકાવો;
બંધુવર ને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતા રે .......... ૧

શ્રીફળ ફોફળ ઝાલ્યા છે હાથ, મોડ બાંધી જશોદા રે માત;
રામન દીવડો ઝાલ્યો છે હાથ, તો વરઘોડે વર શોભતા રે ... ૨

ગોકુળમાં રે સહુ જોવાને મળ્યા, રૂપ દેખીને સૌના ચિત્તડા રે ચઢ્યા;
વલ્લભનું મન આનંદમાં મળ્યું, તો વરઘોડે વર શોભતા રે ... ૩

## ૧૨. રાધાજી રે ઘણું હરખ્યાં છે મન

નાદબ્રહ્મ પદ-૭૬૩

અનુક્રમણિકા

રાધાજી રે ઘણું હરખ્યાં છે મન, આજે અમારો અવતાર ધન્ય;
પ્રગટ્યાં પૂર્વ જનમોનું પુન્ય, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ...... ટેક

મારા રે મનમાં હતી એક વાત, તે તો મેં જાણી જદુ રે નાથ;
જનમો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ........ ૧

ઈન્દ્ર થકી રે બહુ વાજાં રે વાગે, જાણે ગગનમાં મેવલિયો ગાજે;
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ... ૨

સહુ સખીઓ મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે;
વલ્લભ ઊભા વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ........ ૩

# Notes

## ૧૩. પ્રભુજી વિના મારે પલક ના ચાલે

નાદબ્રહ્મ પદ-૭૭૧

અનુક્રમણિકા

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે;
ધન્ય વિધાતા એ વર માંગુ, તો બળવંત ઝાલુ માવડી રે .......... ટેક

સાંભળ મા મા એ વર રૂડો, જેની રે દષ્ટિએ સંસાર રૂડો;
નાનો છે પણ પરાક્રમે પૂરો તો, રૂડો અવિચળ ચાંદલો રે ............ ૧

મોહિની માડીને નિર્મુખ જોતી, હું રે ફરૂં રંગ રસિયાને જોતી;
એ વર નજરેની આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુળ ગામની રે ... ૨

જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડી રે આરા લગન લેવડાવો;
વાત વિવેકીને એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે ............. ૩

ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો, નવરંગ તણી ચોરી ચિતરાવો;
ચોંપેલા ખૂપને ખંતે લખાવો તો, હરિને ઠરાવું મુજને કારણે રે ... ૪

મારા પિતાજીને લક્ષ તમારૂં, જો ભાઈ ભાગ્ય ફરશે તમારૂં;
પહોંચંતા પહોંચંતા કોડ અમારા તો, રણછોડ બોલ્યા કરગ્રહી રે ... ૫

## ૧૪. સંતો સાથમાં તુલસી હાથમાં બોઢાણો હરિજન

નાદબ્રહ્મ પદ-૮૧૩

અનુક્રમણિકા

સંતો સાથમાં તુલસી હાથમાં, બોઢાણો હરિજન;
મહાજન ઉપર હરિ રાજીઆ રે, ત્યારે પોતે થયા પ્રસન્ન;
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ટેક

ચૌટે ચાલવું મારગે માલવું, શામળિયો છે અજાણ;
બોઢાણા સાથે પ્રભુ બોલ્યા રે, હું તો આવું તમારી સાથ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૧

બળદ છોડ્યા વહેલે રે જોડ્યા, આવ્યા મારગ માંય;
એક દીઠો લીલો લીમડો રે, મારા હરિએ કીધો વિશ્રામ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૨

ગુગરીઓ આવ્યા વણ બોલાવ્યા, કીધો વઢવાનો વિચાર;
દ્વારકાથી ઠાકોર આવ્યા રે, એટલે ઉગ્યો છે સૂરજ ભાણ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૩

ચંદન ચોરવા ત્રિકમ તોલવા, લેવા મોંઘેરા મૂલ;
હરિ તો હળવા થયા રે, જાણે ફૂલ્યા જાવંત્રીના ફૂલ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૪

દેરા ચણાવ્યા પાલખી બંધાવી, થઈ છે લીલા લ્હેર;
ગુગરીએ ગોવિંદજી ઉપડ્યા રે, એવો ભૂદરજીનો ભાવ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૫

આખા લીમડામાં એક ડાળ મીઠી, નજરે ના દીઠી સાંભળ સાચી વાત;
કડવાશ એનો ક્યાં ગયો રે, મારા હરિએ અડાડ્યો હાથ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૬

સામું જોયું મનડું મોહ્યું, નીરખ્યા સુંદીર શ્યામ;
આશા તે રામની અહીં રહી રે, ગુગરી ગયા પોતાને ગામ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યા ... ૭

## ૧૫. કોણ રાયની તુલસી ને

અનુક્રમણિકા

કોણ રાયની તુલસી ને કોણ રાયના માગા
ધન રાયની તુલસી ને સુરજના માગા
સુરજના માગા દાદા પાછા રે વાળો
સુરજ તો તેજ તડકા વાળા હો રામ, તુળસી બાળ કુંવારા

કોણ રાયની તુલસી ને કોણ રાયના માગા
ધન રાયની તુલસી ને ચંદ્રના માગા
ચંદ્રના માગા દાદા પાછા રે વાળો
ચંદ્ર તો ખોડ ખાંપણ વાળા હો રામ, તુળસી બાળ કુંવારા

કોણ રાયની તુલસી ને કોણ રાયના માગા
ધન રાયની તુલસી ને ખાખરના માગા
ખાખરના માગા દાદા પાછા રે વાળો
ખાખર તો કુળ કપટ વાળા હો રામ, તુળસી બાળ કુંવારા

કોણ રાયની તુલસી ને કોણ રાયના માગા
ધન રાયની તુલસી ને હનુમાનના માગા
હનુમાનના માગા દાદા પાછા રે વાળો
હનુમાન તો તેલ સિંદુર વાળા હો રામ, તુળસી બાળ કુંવારા

કોણ રાયની તુલસી ને કોણ રાયના માગા
ધન રાયની તુલસી ને ઠાકોરના માગા
ઠાકોરના માગા દાદા ઝડપીને લેજો
ઠાકોર તો મોર મુગટ વાળા હો રામ, તુળસી હોંશે પરણ્યા

## ૧૬. ગુરૂ ચરણે કરજોડી લાગું

નાદબ્રહ્મ પદ-૭૭૦

અનુક્રમણિકા

ગુરૂ ચરણે કરજોડી લાગું, સદા રે પ્રભુજીની ભક્તિ રે માંગુ;
હરિગુણ ગાઈને આનંદ પામુ, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ...... ટેક

ભક્તિ મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુઃખ ને સુખ શરીરમાં સહેતી;
સદા રે પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧

દુર્બલ જાણી પ્રભુ દયા રે કીજે, ચરણ કમળની સેવા રે દીજે;
હરિગુણ ગાઈને મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે .... ૨

હું અપરાધી ને કોણ મારું ગજું, સંસાર સાગર કઈ પેરે તજું;
રામનું નામ હું કઈ પેરે ભજું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ........ ૩

રામજી વિના કારજ કઈ પેરે સરશે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે;
લક્ષ રે ચોરાશીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ...... ૪

કાયા રે વાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળો;
લક્ષ રે ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ....... ૫

જુગ જીવન તમે દેવકીના જાયા, કોઈ ન જાણે પ્રભુ તમારી માયા;
નંદજીના સુત ગોકુળમાં કહેવાયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૬

ધન જીવ્યું રે ગોકુળની રે ગોપી, જાદવકુળની લજ્જા રે લોપી;
તનમન ધન હરિચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ....... ૭

ગિરિ ગોવર્ધન નખ પર તોળ્યો, જઈ મથુરામાં કંસને રોળ્યો;
માતપિતાના બંધન છોડાવ્યા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે .....૮

રામનું નામ પ્રહ્લાદજી ભણ્યા, નૃસિંહ રૂપે હિરણ્યાકંસ હણ્યા;
સઘળા ભૂપમેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ...૯

રામાવતારે રાવણને માર્યો, બાંધી સાહ્યર સેના પાર ઉતારી;
ભક્ત વિભીષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ..૧૦

સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું;
ધ્રુવને રાજ્ય અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧૧

રંકા વંકા ને કાલુ કેવલ કુબા, રઘુરાય અયોધ્યાના સુબા;
હનુમાન હરિચરણે સન્મુખ ઊભા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે. ૧૨

નરસિંહ મહેતાનું હરિએ પૂર્યું મોસાળું, મીરાંબાઈ કીર્તન ગાઈ રસાળું;
પાંડવનું પ્રભુએ કર્યું રખેવાળું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે .... ૧૩

નાભા પિપા નામદેવ તમારા, દર્શન દીધાં હરિએ ફેર દ્વારે;
ભક્તિ કરી જેવી ખાંડાની ધાર, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧૪

ભક્ત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને યાચ્યા;
લઇ ભૂમિદાન પગ પીઠ પર ધર્યા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે .૧૫

અરજ અમારી સુણજો સ્વામી, હું પામર પ્રભુ તમને પામી;
દાસ વલ્લભ કહે શિશ નામી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ..... ૧૬

## ૧૭. એના વિરલા કોઈ વાંચનહાર

નાદબ્રહ્મ પદ-૮૧૮

અનુક્રમણિકા

એના વિરલા કોઈ વાંચનહાર, કાગળ સતગુરૂ લખે ......... ટેક

જ્ઞાન વૈરાગી દેહ ધર્યો મહીં, જીવપણાનો જીવ;
ભક્તિ આભૂષણ પહેર્યા રે, વાંકા સેવક દાસ કબીર ......... કાગળ° ૧

શીલ રૂપી ખડિયો કીધો મહીં, પ્રેમતણી રૂસનાઇ;
કલમ બુદ્ધિ આ સંતની રે, મહીં વિધવિધ આંક પૂરાય .... કાગળ° ૨

સુરત નુરતની દોરી લીટી, મહીં વિવેક તણો વિચાર;
વિચારી અક્ષર જે લખ્યા રે, એ તો કાગળ કોરા કહેવાય ... કાગળ° ૩

જીવપણું રે જુગતે રહ્યું ને, મલી મલી મંગલ ગાય;
અનેક અક્ષર નહિ ઉકલ્યા રે, એ તો થાક્યા છે જાણ અજાણ . કાગળ° ૪

અક્ષર કાનો માત્રો રે, માયા ઉપર મોહ;
તેના ઉપર પરિબ્રહ્મ છે રે, એને નહિ મળે પાપ ને પુન્ય .... કાગળ° ૫

અંધે તે અક્ષર વાંચ્યા રે, બ્હેરે સુણ્યા કાન;
ગુંગે તે ચર્ચા બહુ કરી રે, એના વેદ કરે રે વખાણ .......... કાગળ° ૬

કોટિ કોટિ પંડિત પઢી મુવા ને, પઢી પઢી વેદ પુરાણ;
અનેક અક્ષર વાંચ્યા રે, એ તો ઉતર્યા પાટણપુર .... કાગળ° ૭

અમરાપુરીની જગત માંહે, એમાં એનો વાસ;
કરજોડી અખો કહે રે, એવા દુર્લભદાસ કબીર .......... કાગળ° ૮

## ૧૮. હું તો હરજી જોવાને રે નિસરી

નાદબ્રહ્મ પદ-૭૭૭

અનુક્રમણિકા

હું તો હરજી જોવાને રે નિસરી,

મારા ગુરુજીએ રે મારા ગુરુજીએ  દીધો ઉપદેશ વ્હાલાજીને નીરખવા

મારે શીલ સંતોષ કલ્લાં કાંબીયા,

પાયે ઝાંઝર રે પાયે ઝાંઝરનો ઝમકાર ... વ્હાલાજીને નીરખવા

મેં તો સાવ સોનાનું લીધું બેડલું,

મારી ઓઢણે રે મારી ઓઢણે રત્ન જડાવું ... વ્હાલાજીને નીરખવા

વ્હાલે બંસી બજાવી એના રંગમાં,

એના ઘરમાં રે એના ઘરમાં ઘડી ન રહેવાય ... વ્હાલાજીને નીરખવા

વ્હાલો શેરી વચ્ચે રે સામા મળ્યા,

હું તો લળી લળી રે હું તો લળી લળી લાગું પાય ... વ્હાલાજીને નીરખવા

વહાલે ચુંદડી ઓઢાડી પાકા રંગની,

છેડે આત્મા રે છેડે આત્મા રામનું નામ ... વ્હાલાજીને નીરખવા

હું તો ભરમાં ભૂલી સેંથો પૂર્યો,

પૂરી દાસ રે પૂરી દાસ ગોપાલની આશ ... વ્હાલાજીને નીરખવા

## ૧૯. જીરે આ રે લીલા દીનાનાથની

નાદબ્રહ્મ પદ-૭૭૮

અનુક્રમણિકા

જીરે આ રે લીલા રે દીનાનાથની,
એને મોહ્યાં રે એને મોહ્યાં સર્વે સંસાર હરિરસ મીઠડો
જીરે ગોકુળમાં રે હરિ અવતર્યા,
ગોપીઓને રે ગોપીઓને લડાવ્યા લાડ ... હરિરસ મીઠડો
વ્હાલે વેણુ વગાડી વન તેડ્યાં,
વૃન્દાવનમાં રે વૃન્દાવનમાં રચ્યો રાસ ... હરિરસ મીઠડો
જીરે ગોકુળ રાખ્યું રે રેલતું,
કંસરાયને રે કંસરાયને કરવા કેર ... હરિરસ મીઠડો
હરિને પીળાં પીતામ્બર ધોતિયાં,
રાધાજીને રે રાધાજીને નવરંગ ચીર ... હરિરસ મીઠડો
હરિને મસ્તકે મુગટ સોહામણા,
હરિને કુંડલ રે હરિને કુંડલ ઝલકે કાન ... હરિરસ મીઠડો
હરિને કાને તે કુંડળ સોહામણા,
રાધાજીને રે રાધાજીને નવલખ હાર ... હરિરસ મીઠડો
જીરે કંકુમાં કેસર ઘોળ્યા,
રંગે ગાયે રે રંગે ગાયે નરસૈંયો દાસ ... હરિરસ મીઠડો

## ૨૦. ખંભાતી ઘડું બાજઠડો અમદાવાદી ચિતર્યો રે

અનુક્રમણિકા

ખંભાતી ઘડું રે બાજઠડો અમદાવાદી ચિતર્યો રે
આણી મેલ્યો માંડવા હેઠ દીસે રળિયામણો રે
કુંવરી તો ચડી રે કંબાડ સુંદીર વરને નીરખવા રે
નીરખ્યા છે ઘડી રે બે ચાર, હવે ના નીરખુ હરઘડી રે
દાદા મોરા એ વર વરજો, સોનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો, એ વરછે વરણાગીયા રે

કહો દીકરી ક્યાં તમે દીઠા, ક્યાં રે તમારા મન વચસા રે
સોના ગેડી રમતેલા દીઠા દડુલે મારા મન વચસા રે
દાદા મોરા એ વર વરજો, સોનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો, એ વરછે વરણાગીયા રે

કહો દીકરી ક્યાં તમે દીઠા, ક્યાં રે તમારા મન વચસા રે
સોના થાળી જમતેલા દીઠા હોળીએ મારા મન વચસા રે
દાદા મોરા એ વર વરજો, સોનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો, એ વરછે વરણાગીયા રે

કહો દીકરી ક્યાં તમે દીઠા, ક્યાં રે તમારા મન વયસા રે
કૉલેજમાં ભણતેલા દીઠા અક્ષરે મારા મન વયસા રે
દાદા મોરા એ વર વરજો, સોનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો, એ વરછે વરણાગીયા રે

## ૨૧. હાથમાં નાળિયેર રે ભાઈની ડોકે વરમાળા

વરરાજાને ઉઘલાવતી વેળા ગવાતું પદ ...

અનુક્રમણિકા

હાથમાં નાળિયેર રે ભાઈની ડોકે વરમાળા
એ રે વરમાળા ભાઈની કોણે મોકલાવી
સ્યાદલા તે ગામમાં ભાઈના મામા દેસાઈ રે ભાઈની મામીએ મોકલાવી...

હાથમાં નાળિયેર રે ભાઈના અંગે પોષાક
એ રે પોષાક ભાઈનો કોણે મોકલાવ્યો
સ્યાદલા તે ગામમાં ભાઈના મામા દેસાઈ રે ભાઈની મામીએ મોકલાવ્યો..

## **૨૨.** તુલસીના ક્યારામાં કંકુના છાંટા

અનુક્રમણિકા

તુલસીના ક્યારામાં કંકુના છાંટા

ત્યાં બેસી શ્રીકૃષ્ણ નાહ્યા રે ગોકુળના રહેવાસી

હું તમને પૂછું મારા કુંવર કનૈયા

હાથમાંનું નાળિયેર ક્યાંથી લાવ્યા રે ગોકુળના રહેવાસી

મારે ને ગાંધીડાને પ્રીત જાજેરી

તેણે તે ભેટ મોકલાવી રે ગોકુળના રહેવાસી

હું તમને પૂછું મારા કુંવર કનૈયા

અંગેનો પોષાક ક્યાંથી લાવ્યા રે ગોકુળના રહેવાસી

મારે ને મોસાળીયાને પ્રીત જાજેરી

તેણે તે ભેટ મોકલાવી રે ગોકુળના રહેવાસી

હું તમને પૂછું મારા કુંવર કનૈયા

હાથમાંની વીંટી ક્યાંથી લાવ્યા રે ગોકુળના રહેવાસી

મારે ને સોનીડાને પ્રીત જાજેરી

તેણે તે ભેટ મોકલાવી રે ગોકુળના રહેવાસી

# Notes

## ૨૩. ફૂલડે તે ફગર ભરાવીયા રે

વરરાજાને માનતની ઘરે લઈ જતી વખતે ગવાતું પદ ...

અનુક્રમણિકા

ફૂલડે તે ફગર ભરાવીયા રે બેસણ સોનાના પાટ
સંતો તો ભલે પધારીયા
હું તો જોતીતી જેની વાટ સોહંતો ભલે આવીયા
ચૌવા ચંદન અગર કસ્તુરી ને રંગ બન્યો અતિસાર
કેસર કેરા કચોલીયા
જીરે ઊડે છે અબીલ ગુલાલ સોહંતો ભલે આવીયા
તાંબા તે કુંડી જલે જ ભર્યાને મુગરેલ ઝલાણા હાથ
નાવણ કરાવું મારા સંતોને
હું તો આપું પિતામ્બર હાથ સોહંતો ભલે આવીયા
બાવન ચંદન ઘસાવીયા રે દર્પણ આપ્યા હાથ
તિલક કરાવું મારા સંતોને
હું તો લળી લળી લાગુ પાય સોહંતો ભલે આવીયા
ભોજન પાયા બહુ ભાતના રે સેવ કરી કંસાર
ખાજા જલેબી ને લાપસી
મહીં ખટરસ ભોજન સાર સોહંતો ભલે આવીયા

## ૨૪. મંડપ ખંભ સોનાતણા રે

જાન જોડીને જતાં રસ્તે ગવાતાં મંગલ પદો ...
નાદબ્રહ્મ પદ-૮૨૪

અનુક્રમણિકા

મંડપ ખંભ સોનાતણા રે, વર વર્યા જુગદીશ
રખોમણી કૃષ્ણ પધારિયા, હરિના જે જન હોયે દશ વીસ
...... કાનૈયાજીની આરતી° ટેક

સેજ વારો રે રથ સેજ કરોને જાનની છે બેચાર
ઈશ્વર અનેક શણગાર્યા, સુંદર ચાલી છે હરજીની જાન ... કાનૈયાજીની° ૧

કંબાડોની સાન જ વાગે ને, શરણાયુ અતિસાર;
મૃદંગ શબ્દ શોહામણા, હરિને નિગમ હોયે જયકાર ........ કાનૈયાજીની° ૨

કમળા તે કુંડલ કાને ઝલકે, મુગટ શોહે ચાર;
બાહે બાજુ બંધ બેરખાં, હરિને કંઠે કૌસ્તુભમણિનો હાર ... કાનૈયાજીની° ૩

જાઈ જાવંત્રી મોગરો રે, ચંપો ગૂંથીને લાવ;
ચોસેરા હરિના ચીર તપે રે, જીરે મોતીડા તપે રે લેલાટ... કાનૈયાજીની° ૪

છઠ્ઠી તે ચોખા કેસર વરણીયાને, બત્રીસે ભમરીનો મર્મ;
સાસુએ ઈશ્વરને પોંક્યા, જીરે તોરણે રહ્યા રણછોડ ......... કાનૈયાજીની° ૫

ચૂવા ચંદન અગર કસ્તૂરી, રંગ બન્યો અતિસાર;
કેસર કેરાં કછોલાં ને, ઉડે છે અબિલ ગુલાલ ............... કાનૈયાજીની° ૬

કોરાં કંકણ બેસાડ્યા રે, આભૂષણ શોહે અંગ;
રુકિમણિ ને શણગાર્યાં રે, રાણી રુકિમણિ છે ધન્ય ધન્ય... કાનૈયાજીની° ૭

રુપા તે બાજટ ચણાવ્યા રે, ઉપર સોના થાળ;
કલવો લાવે સૌ કામની રે, નાનાવિધ પકવાન્ન ........... કાનૈયાજીની° ૮

સીતાએ ચૉરી ચીતરી રે, રંગ બન્યો અતિસાર;
ઈશ્વરે ચૉરી ચીતરી, જીરે પરણ્યા છે રખોમણી કાના ... કાનૈયાજીની° ૯

પીળાં પીતામ્બર કોરી જનોઈ, શોહે શ્યામ શરીર;
ભીમકરાયે કન્યાદાન દીધાં રે, ગંગાનાં નીર .......... કાનૈયાજીની° ૧૦

ચીર જ ખસ્યાં ને વદન હરખ્યાં, દીઠાં વદન પ્રકાશ;
મુખમાં વિધવિધ દીસતાં રે, સ્વર્ગ મૃત્યુને પાતાલ ... કાનૈયાજીની° ૧૧

આનંદ ઓચ્છવ અતિ ઘણાં રે, ઉલટ અંગે ન માય;
રખોમણી પરણી ઘેર આવ્યા, ગુણ ગાય તે નરસૈંયો દાસ
......... કાનૈયાજીની° ૧૨

# Notes

## ૨૫. જીરે સખીઓ તે સર્વે ટોળે મળ્યા

જાનૈયાઓને મળવા જતાં રસ્તે ગવાતાં પદો ...

નાદબ્રહ્મ પદ-૮૧૭

અનુક્રમણિકા

જીરે સખીઓ તે સર્વે ટોળે મળ્યા, ત્યાં ગાયે રે ભલા મંગળ ચાર
આલા લીલા ભર્યા ... ટેક

જીરે માંડવે છાંયો મોગરે, ફૂલડીએ રે ભલા ફગર ભરાય
આલા લીલા ભર્યા ... ૧

જીરે કનક મસ્તકે કેસર ભર્યા, ત્યાં ઉડે રે ભલા અબીલ ગુલાલ
આલા લીલા ભર્યા ... ૨

જીરે વાજા વાગે રે વિધ વિધના, ત્યાં વાગે રે ભલા ઢોલ નિશાન
આલા લીલા ભર્યા ... ૩

જીરે અગર ચંદનના રે છાંટણા, મોતીડે રે ભલા ચૉક પુરાય
આલા લીલા ભર્યા ... ૪

જીરે ગોકુળીયું રે શણગારીએ, શણગાર્યો રે ભલા પરિવાર
આલા લીલા ભર્યા ... ૫

જીરે નરસિંહ મહેતા એમ ભણે, ધન હજો રે ભલા ગોકુળમાં વાસ
આલા લીલા ભર્યા ... ૬

## ૨૬. સખી રે આજ આનંદ

પાદરેથી જાનીવાસે જતાં ગવાતું પદ ...

નાદબ્રહ્મ પદ-૮૦૬

અનુક્રમણિકા

સખી રે આજ આનંદ મારે ઉલટ્યો, અલબેલાજી આવ્યા મારે ઘેર રે
............... આનંદ મારે ઉલટ્યો° ટેક

સખી રે શેરી વળાવું સોહામણી,
પથરાવું લીલા પીળા પાટ રે ...... ૧

સખી રે હરિજન આવ્યા મારે બારણે,
હું તો શાના તે આસન આપું રે ... ૨

સખી રે હરિજન હરિ સરખા જાણવા,
તેની વેદ પુરાણ પૂરે શાખ રે ...... ૩

સખી રે ફૂલી ફાલી સૌમાં હું ફરૂં,
મારા હૈયે હરખ ન માંય રે ......... ૪

સખી રે વાજા વાગે વિધ વિધના,
મળી માનુનીઓ મંગલ ગાય રે ... ૫

સખી રે હરખે હિંડોળા બંધાવીએ,
બાંધ્યા મોતીના તોરણ દ્વાર રે ..... ૬

સખી રે અગર ચંદનના છાંટણા રે,
કરી છે કંકુ કેસરની ગાર રે ........ ૭

સખી રે મોતીના ચોક પુરાવ્યા,

બાંધ્યા ચંદરવા ચાંદની ચોક રે ... ૮

સખી રે થાળ ભરાવું મોતીની રે,

હું તો વ્હાલાને વધાવવા જાઉ રે ... ૯

સખી રે ફૂલડાંએ સેજ સજાવીએ,

હું તો વીંઝણે ઢોળાવું વાયરો રે ... ૧૦

સખી રે તકીયા ગાલીચાને ગાદીઓ રે,

ઉપર પોઢ્યા સુંદર શ્યામ રે ....... ૧૧

સખી રે ભોજનિયાં નિતનૂતન બહુ ભાતનાં રે,

હું તો જમાડું જુગદાધાર રે ......... ૧૨

સખી રે લવિંગ સોપારી ને એલચી રે,

આપ્યાં પાનનાં બિલડાં હાથ રે ... ૧૩

સખી રે ઘણા દિવસની ગોઠડી રે,

મારે કરવી છે સર્વે આજ રે ......... ૧૪

સખી રે પેલા ભવની પ્રીતડી રે,

મારો દિન સફળ થયો આજ રે .... ૧૫

સખી રે પ્રીતમના સ્વામી પધાર્યા,

મારા સર્યા સઘળા કાજ રે ......... ૧૬

## ૨૭. રખોમણી લખી કાગળ મોકલે રે

વરરાજા સાથે ઉતારાના ઘરમાં પ્રવેશ વખતે ગવાતું પદ ...

નાદબ્રહ્મ પદ-૮૦૮

અનુક્રમણિકા

રખોમણી લખી કાગળ મોકલે રે, દ્વારીકાના નાથ રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ટેક

તે દિનને તવ કારણે રે, તજી છે ભૂખ ને તરસ રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૧

શામળીયા તમે સાંભળો રે, બાળપણાની પ્રીત રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૨

શિશુપાલ સૈન્ય લઈ આવ્યા રે, અબળાની કરજો સંભાળ રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૩

આંખલડી ઝૂમી રહી રે, ભક્ત વત્સલ ભગવાન રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૪

જશ તમારા સાંભળી રે, તૃપ્ત થયા મારા મન રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૫

અવગુણ ઉર ધરશો નહિ રે, જોશો નહિ કાંઈ જાત રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૬

હું છું જન્મો જનમની રે, ચરણ કમળની દાસી રે, જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૭

રઘુનાથના સ્વામી શામળા રે, અબળાની પૂરજો આશ રે જાદવરાય...
કુંદનપુરમાં પધારજો રે ... ૮

# Notes

## ૨૮. તું તો રામ રટણ કર રંગમાં

નાદબ્રહ્મ પદ-૭૮૧

અનુક્રમણિકા

તું તો રામ રટણ કર રંગમાં,
તારું જાય રે તારું જાય જુવાનીનું જોર...
અવસર આવો નહિ મળે ... ટેક

જીરે કાચો તે કુંભ જલે ભર્યો,
તેને ફૂટતાં રે તેને ફૂટતાં નહિ લાગે વાર ................. ૧

જીરે કાચા સુતરનો રે તાંતણો,
એને તૂટતાં રે એને તૂટતાં નહિ લાગે વાર ............... ૨

જીરે વાડી ખીલીને ફૂલ્યો મોગરો,
તેને કરમાતાં રે તેને કરમાતાં નહિ લાગે વાર .......... ૩

જીરે બાજીગરે રે બાજી રચી,
એને સમેટતાં રે એને સમેટતાં નહિ લાગે વાર ........ ૪

જીરે પાંચ તત્વનું રે પૂતળું,
માંહી બોલનહારો રે માંહી બોલનહારો આતમરામ ... ૫

જીરે ગગન મંડળમાં ચોરી રચી,
ત્યાં પરણે રે ત્યાં પરણે આતમરામ ....................... ૬

જીરે દાસ પ્રીતમની રે વિનંતિ,
અમને મળ્યા રે અમને મળ્યા છે સતગુરૂ શ્યામ .......... ૭

## ૨૯. કંકુ છાંટી કંકોતરી

મોસાળીયાઓને મળવા જતાં ગવાતું પદ ...

નાદબ્રહ્મ પદ-૮૦૭

અનુક્રમણિકા

કંકુ છાંટી કંકોતરી મોકલી, કોડે કહાવે સુભદ્રાબેન વીરા વેલા આવજો

કૃષ્ણજી ને બલિભદ્ર બેઉ બંધવા, તમો આવો તો થાય સુખ ચેન ...૧

ભત્રીજા છે સૌ મન ભાવતા, પવિત્ર પિતા છે વાસુદેવ ................ ૨

પનોતાં પિયર પરિવાર છે, નિરખતાં વધશે સ્નેહ .................. ૩

મેં તો પ્રેમે પગરણ માંડ્યા, રૂડો જગન રચ્યો રાજ સ્નેહે ........... ૪

એક પત્રિકાએ વહેલા આવજો, સજન કુટુંબ સહિત પરિવાર ... ૫

ભાઈ ભાંડુ હમારી ભાભીઓ, સોળ સહસ્ત્ર એકસો ને આઠ ......... ૬

વીરા થોડું કહ્યું રે ઘણું માનજો, મારે વીરાનો છે આધાર ........... ૭

જગત જનુની દેવકી ને રોહિણી, ભાઈ ભવતારણ એવા વીરા .... ૮

અમોને તમો વિના વ્હાલું નથી, કુલવંતુ ગુણવંતુ ગામ ........... ૯

રૂડી રુકિમણિ જેને મન વસ્યા, ઠકરાણીના જુઓ ઠાઠ ............. ૧૦

જેઠ દિયર છે કોડામણાં, નિત જપે છે તમારા નામ ................. ૧૧

પાંચ પાંડવના તમો વીરા, સૌનું કલ્યાણ કારણ દેવ .............. ૧૨

એકી રે બાંચે જશ સાચો, કર્યો શેષ નાગને પાર ..................... ૧૩

દુઃખ જાશે રે આ દેહનાં, દેખતાં દેશમાં વધશે ........................ ૧૪

વેદ વાદી વિપ્રને લાવજો, બીજી ઉત્તમ અનેક વરણ .............. ૧૫

સંગે જાદવ સર્વને તેડજો, સ્વજન કુટુંબ સર્વ સાથ .................. ૧૬
મારા સસરાને લાડીલો દિયર, મારી સાસુને અમર ચીર .......... ૧૭
મારા જેઠને કરજો જોડ ધોતિયા, મારી જેઠાણીને રેશમના ચીર ... ૧૮
મારા દિયરની લાવો વીરા પામરી, મારી દેરાણીને સાડીની જોડ .. ૧૯
મારી નણંદીને લાવો ચૂડી, મારા નંદોઈને વીરા ઝૂલ ............... ૨૦
મારી ગેડીને લાવો વીસ ઢીંગલા, કુંવરીઓ રાતો મોડ ............... ૨૧
વીરા ઘરમાં ઘોડીનો વીરો હસતો, જેને મોતીડો જડી પલાણ ....... ૨૨
મારા જેઠ આવ્યા જેઠાણી સુત, એક ન આવ્યો માડીનો જાયો ..... ૨૩
હું તો ઊંચી ચઢું ને નીચે ઉતરું, હું તો જોઉં મારા વીરાની વાટ ... ૨૪
મારી નણંદ સરખા બોલ્યા, ભાભી ના આવ્યા તમારા વીરા ...... ૨૫
મારા દિયર આવ્યા ને વધામણી લાવ્યા, ભાભી આવ્યા તમારા વીરા ૨૬
વીરા દ્વારિકાથી ગાજ્યો ગડગડ્યો, વસ્યો હસ્તિનાપુર મેહ .......... ૨૭
હવે તોરણ માંહે ઝબકિયા, વળી સળક્યાં ઘોડીના સીન ........... ૨૮
હવા ઝળક્યા વીરા માથે મોડિયાં, હવે ઝળક્યા ભાભીના ચીર ... ૨૯
વીરા આવ્યા ને વાડીએ ઉતર્યા, બેની સામેથી તેડવાને જાય ..... ૩૦

# Notes

## ૩૦. અમદાવાદી એલચડીનો છોડ રે

[અનુક્રમણિકા](#)

અમદાવાદી એલચડીનો છોડ રે
    માડીના જાયા ચૂંદડી રે
એ ચૂંદડી મારા કયા ભાઈએ મૂલવી ...  માડીના જાયા ચુંદડી રે
કયા ભાઈએ ખરચ્યા બે લાખ રે ...  માડીના જાયા ચુંદડી રે
પહેરો પહેરો કયા બેન બેની રે ...  માડીના જાયા ચુંદડી રે
એ પહેરું તો કુટુંબ દુભાય રે ...  માડીના જાયા ચુંદડી રે
નહીં પહેરું તો વીરા દીલગીર થાય રે ... માડીના જાયા ચુંદડી રે
એ ધોવું તો દરિયો ડોહરાય રે ...  માડીના જાયા ચુંદડી રે
સુકવું તો રંગ ઉડી જાય રે ...  માડીના જાયા ચુંદડી રે
સંકેલુ તો મૂઠીમાં સમાય રે ...  માડીના જાયા ચુંદડી રે
પાથરું તો પૃથ્વી ઢંકાય રે ...  માડીના જાયા ચુંદડી રે
ઉડાડું તો આકાશે ઉડી જાય રે ...  માડીના જાયા ચુંદડી રે
અમદાવાદી એલચડીનો છોડ રે ...  માડીના જાયા ચૂંદડી રે

## ૩૧. ઘોડી વરઘોડો ગાયે

વરઘોડામાં ગવાતું પદ ...

અનુક્રમણિકા

ઘોડી વરઘોડો ગાયે રામચંદ્રનો રે
કીરપા કરો રે સરસ્વતી માતા રે
મુજ રંકની રાખોની લાજ – રઘુનાથજીની ઘોડલી રે

ઘોડી હંસા રઘુનાથની રે,
લક્ષ્મણ લીલી પેહરો અસવાર રે
ઉમેદ ભરથાર વરઘોડે ચઢ્યા રે
એવા ચતુર સુજાણ અજાણ ... રઘુનાથજીની ઘોડલી રે
ઘોડીના મોઢે મોતી જડ્યા રે
કંઠે મુકતા તે ફળનો હાર રે
ઝીણા ઝીણા રત્ન સોહામણા રે
તેના તેજ તણો નહિ પાર રે ... રઘુનાથજીની ઘોડલી રે
નયણે તે કાજળ સાર્યાં રે
હરિ સેંથે તે રસીયો સિંદુર રે
ધન ધન જનક તારે આંગણે,
જીરે મોતીડા તપે રે લેલાટ ... રઘુનાથજીની ઘોડલી રે

રઘુવર પરણવા સીધાવ્યા,
હરિ મસ્તકે ભર્યો ખુંપ રે
વર બેની લેશે ઓવારણા,
માતા કૌશલ્યાએ બાંધ્યો છે મોડ ... રઘુનાથજીની ઘોડલી રે
રઘુવર તોરણે આવ્યા રે,
સાસુ પોંકવા વેલેરી ચાલ રે
ધન ધન જનક તારે આંગણે,
ત્યાં તો રામચંદ્રજી પોંકાય ... રઘુનાથજીની ઘોડલી રે
રઘુવર માયરામાં આવીયા રે,
હરિ બેસણ સોનાના પાટ રે
સામા પધરાવોની જાનકી રે
કંઠે આરોપી વરમાળ ... રઘુનાથજીની ઘોડલી રે
ભલા છબીલા સહુ શોભતા રે
હરિ સસરાજીને દરબાર રે
વર જાનને જમાડ્યા રે,
ત્યાં તો તુલસીદાસ ભલે ગાય રે ... રઘુનાથજીની ઘોડલી રે

## ૩૨. રાજા જનકને માંડવે

નાદબ્રહ્મ પદ-૮૧૪

અનુક્રમણિકા

રાજા જનકને માંડવે રે, ભાવે મળ્યા છે ભૂપ;
સીતા બેઠાં રે બારીએ રે, નિરખ્યાં રામચંદ્ર રૂપ ....... ટેક

કન્યા કહાવે રે તે તાતને રે, જે રાય તોડે ત્રંબક;
એવા પણ લીધાં રે તાતને રે, તેને આપું કન્યાય ... ૧

અયોધ્યા નગરીનો રાજીયો રે, રઘુવર રૂપે રસાળ;
એણે ત્રંબક તોડ્યા રે, ઉતર્યા મહિપતના માન ........ ૨

ત્રંબક ત્રણ કટકા કર્યા રે, ચમક્યો પાતાળી નાગ;
પરશુરામ ઝબકીને જાગ્યા રે, પ્રગટ્યો ક્ષત્રિયનો વેશ ... ૩

દેવ ડંકા રે વાગ્યા રે, વર્યા ઈશ્વરને દ્વાર;
વાજા વાગે રે વિધવિધના, રઘુવર પરણવા જાય ... ૪

રઘુવર તોરણે આવ્યા રે, સાસુ પોંકવા જાય;
અંતર પટ આડા ધર્યા, માનુની મંગલ ગાય .......... ૫

જુસલ મુશળ રવૈયો રે, સર્યો સંપૂટને ત્રાક;
ઇડી પીંડી રે ઉછાર્યા રે, નીરખ્યા સાયને નાક ......... ૬

રઘુવર માયરામાં આવ્યા રે, બેસણ સોનાની પાટ;
સામા પધરાવોને જાનકી રે, ઓઢણ નવરંગ ગાંઠ ... ૭

ઋષિઓ હથેવારો મેળવ્યો રે, કંઠે આરોપી વરમાળ;
ઘુંઘટમેં નિરખ્યાં નાથ રે, નીરખ્યા રામચંદ્ર રૂપ ...... ૮

ઋષિએ મંગલ વર્તાવ્યાં રે, સાસુ પીરસે કંસાર;
જનક હરખમાં આવીઆ રે, આપ્યા ધૃત ભંડાર રે ..... ૯

વેદની ધૂની વિપ્ર ભાગે રે, પરણ્યા સીતા ને શ્રી રામ;
આનંદ ઉત્સવ અતિ ઘણો રે, સર્યાં સેવકના કામ .... ૧૦

મોહી રહી નગરની નારીઓ, જોયાં જોયાં રામચંદ્ર રૂપ;
અયોધ્યા નગરીનો રાજીઓ, દીઠા અકલ સ્વરૂપ ...... ૧૧

## ૩૩. સજની રે તું તો સ્વપ્ન અંતર મન લાધ્યું રે

કન્યાને ઘરમાંથી મંડપમાં લઈ જવાતા ગવાતું પદ ...

નાદબ્રહ્મ પદ-૭૮૬

અનુક્રમણિકા

સજની રે તું તો સ્વપ્ન અંતર મન લાધ્યું રે,
    મારું મન તો નંદકુંવર સાથે બાંધ્યું રે ... ટેક
જાણે હું તો પાતળિયા વર પરણી રે,
    એ તો મારા કયા જનમની કરણી રે ... ૧
આલા લીલા વાંસળિયા વઢાવો રે,
    તેના રૂડા માંડવડા બંધાવો રે .......... ૨
આવી રૂડી જાદવકુળની જાન રે,
    ભીખુભાન દે છે કન્યાદાન રે ........... ૩
હરજીએ હથેવારો ત્યાં સાહ્યો રે,
    કંઠ મહીં આરોપી છે વરમાળા રે ...... ૪
ભેગા મળી આરોગ્યો કંસાર રે,
    માનુનીઓ મંગલ ગાય છે ચાર રે ... ૫
કંકુ કેસર વરણી છે ઘણી આડ રે,
    તિલક તો ધર્યો છે લલાટે રે ............ ૬
જાણે હું તો જશોદાજીને પાયે લાગી રે,
    એટલે તો ઝબકીને હું જાગી રે ......... ૭

પુરણ પુન્યે એ વર પામી રે,

ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી રે ...    ૮

## ૩૪. ભમરા રે તારા ચાકરિયારા પાન

વર કન્યા પરણી ઉઠ્યા બાદ ગવાતું પદ ...

અનુક્રમણિકા

ભમરા રે તારા ચાકરિયારા પાન

પાના રે એના જગ જોયા રે

મોહ્યા રે મોહ્યા દેવ ને મોરાર ... જાદવરાય પરણ્યા રખોમણી રે

ગોમતીજીમાં ગડગડિયા નિશાન ... જાદવરાય પરણ્યા રખોમણી રે

રખોમણીને દેજો કન્યાદાન ... જાદવરાય પરણ્યા રખોમણી રે

હાથી ઘોડા પાલખીના દીધા કન્યાદાન ... જાદવરાય પરણ્યા રખોમણી રે

કાશીમાં તો કરવતના નિશાન ... જાદવરાય પરણ્યા રખોમણી રે

ભીમકરાય દે  છે કન્યાદાન ... જાદવરાય પરણ્યા રખોમણી રે

ભૂમિના તો દીધા છે દાન ... જાદવરાય પરણ્યા રખોમણી રે

પરણ્યા રે પરણ્યા સીતા ને શ્રીરામ ... જાદવરાય પરણ્યા રખોમણી રે

એના તો પૂર્યા મનના કોડ ... જાદવરાય પરણ્યા રખોમણી રે

## ૩૫. ઉઠો ભીખુભાન વળાવોની જાન

કન્યા વિદાય વખતે વર પક્ષની બેનો દ્વારા ગવાતું પદ ...
નાદબ્રહ્મ પદ-૭૬૬

અનુક્રમણિકા

ઉઠો ભીખુભાન વળાવોની જાન, તમે તમારું રાખોની માન;
ઉગ્યો છે સૂરજ ને થાય છે તડકો, તો કન્યાને વળાવીએ રે ....... ટેક

નંદરાય ને પામરીની જોડ, બેસવા સારૂ આપ્યો છે ઘોડો;
સૌ પહોંચ્યા છે મનના કોડ, તો કન્યાને વળાવીએ રે ............. ૧

નીલમ રંગ તણી એક રે સાડી, જશોદાજીએ પહેરાવવા કાઢી;
પૂંઠે છે પહોળીને લાંબી છે સાડી, તો કન્યાને વળાવીએ રે ........ ૨

રોકડ નાણાં આપ્યા અપાર, જોવા મળ્યા છે સર્વે લોક;
શેરીએ શેરીએ થાય હોહા હોહા, તો કન્યાને વળાવીએ રે ......... ૩

રથ માફલીયા તૈયાર કીધાં, વહેલ તણી ત્યાં તો લાગી છે વાર;
એનો કહેતા નહિ આવે પાર, તો કન્યાને વળાવીએ રે ............. ૪

સૌ સખીઓ મળી ગાય છે ગીત, વિવાહ તણી ભલી રાખી છે રીત;
વલ્લભને વધાવજો પ્રીતે, તો કન્યાને વળાવીએ રે ................ ૫

## ૩૬. સમજુ બાળકી જાય સાસરે

કન્યા વિદાયનું પદ ...

અનુક્રમણિકા

સમજુ બાળકી જાય સાસરે
વચન માડીનું ધ્યાનમાં ધરે
સસુર પક્ષમાં લાજથી રહી
કસૂર કામમાં કરશો નહીં
વચનથી વધે વેરીઓ ઘણાં
વચનથી વધે હેત આપણા
વિચરવું મુખે મુખમાં સદા
વચન મીઠડાં બોલજે સદા
સર્વ સાથ તું ચાલજે મળી
ગર્વ ટાળીને જો ગઈ ઘડી
સરસ સંપ તું વધારશે વળી
દુઃખ રૂપી નહીં દેખશે કળી
પર ઘરે કદી બેસવું નહીં
ઘર તણી કથા કહેવી ના સહી
કુથલી પારકી જો કરી મુખે
દુશ્મનો થશે દાઝશે દુઃખે

દિયર જેઠ શું થોડું બોલવું
અદબમાં રહી રોજ ચાલવું
વડીલ વૃદ્ધની ચાકરી કરી
પ્રભુ તણી પ્રીતી પામજે ખરી
હઠ કરી કશું માગવું નહીં
રૂસણું માંડીને દુભવવું નહીં
ઉપડતે શ્વરે વ્હાલ ના વધે
રખડતે મને કામ ના સહે
વખત જો મળે વાંચજે કશું
નવ રહીશ તું બેન આળસુ
અસુર સાંજના ના એકલું જવું
અતિશય આકરા ક્રોધી ના થવું
હસમુખા રહે પ્રેમ વધશે
કુટુંબ કલેશ તો દૂર સૌ થશે
અધમ પાપથી વેગળા રહી
ભજન ભક્તિમાં રાચવું સહી

# Notes

## ૩૭. મારે આંગણે વાયસ

વરરાજા પરણીને ઘરે આવી ગયા ગૃહપ્રવેશ વખતે ગવાતું પદ ...

[અનુક્રમણિકા]

મારે આંગણે વાયસ બોલિયા, હું તો જોઉં મારા વ્હાલાની વાટ
... ગોવિંદ ઘેર આવ્યા

જીરે પાથરણાં પથરાવું રે પ્રેમના, મહીં પધરાવું સુંદીર શ્યામ ... ગોવિંદ

જીરે મોતીના ચૉક પૂરાવીએ, ચંદરવા બંધાવું ચોફેર ... ગોવિંદ

જીરે મેવા મંગાવું રે મીઠડા, દૂધ સાકરનો કીધો રંગ ... ગોવિંદ

જીરે કંકુમાં કેસર ઘોળીયાં, તરીયા તોરણે બંધ શૃંગાર ... ગોવિંદ

જીરે અંગ ફરકે રે માહેરા, થાયે મળવા કેરાં મન ... ગોવિંદ

જીરે જુગમેં કોઈ નથી દેખાતું, ચાલ્યા પ્રતાપજી રે રાય ... ગોવિંદ

જીરે જપ તપ જગ માંહે થયા, પધારીયા પૂરણ નાથ ... ગોવિંદ

જીરે વ્હાલા જાણે વ્રજનાર ને, ગુણ ગાઈ નરસૈંયો દાસ ... ગોવિંદ

## ૩૮. રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે

કન્યા વિદાય પછી કન્યા પક્ષની બેનો ઘરમાં પાછા વળતા ગવાતું પદ ...
નાદબ્રહ્મ પદ-૭૬૫

અનુક્રમણિકા

રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે, માંડવડો વધાવ્યો છે કોડે;
કેડે બેસી બન્ને જાયે જોડાજોડ, તો જુગલા સ્વરૂપ સધાર્યા રે ......... ટેક

નંદ જશોદાનાં પગલાં પનોતાં, ગાતાં ને વાતાં પાદરે પહોંચ્યા;
વળાવી આવ્યા સર્વે સમોતાં, તો જુગલા સ્વરૂપ સધાર્યા રે ........ ૧

વેવાઈ ભેટ્યા છે આનંદ આણી, ભેટંતાં ભેટંતાં બાંધ્યા છે તાણી;
મશ્કરીમાં હસ્યા સર્વે પ્રાણી, તો જુગલા સ્વરૂપ સધાર્યા રે ........... ૨

આપ્યું છે દાન ને લીધું છે દામ, છોડાવ્યાં નંદરાય ભીખુભાન;
સંગાતે મળીને ચાલી છે જાન, તો જુગલા સ્વરૂપ સધાર્યા રે ....... ૩

કેડે બેઠા તેનું દાન જ આપ્યું, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું;
આનંદે ઉલટીને સર્વેને આપ્યું, તો જુગલા સ્વરૂપ સધાર્યા રે ....... ૪

કેડેથી વરવધૂ બેઠાં રથમાંહી, તેત્રીશ કરોડ સ્તુતિ કરે ત્યાંય;
સાસરિયામાં લાગજો સહુને પાય, તો જુગલા સ્વરૂપ સધાર્યા રે .... ૫

પાછળથી સૈયર સહુ વળાવીને આવ્યાં, જલ જમુનાના ભરીને લાવ્યાં;
ક્યારે દેખીશું બેન હવે મન ભાવ્યાં, તો જુગલા સ્વરૂપે સધાર્યા રે .. ૬

પાછી ફરી જુઓ મારી બ્હેની, સગાં કુટુંબ કહે દર્શન દેની;
રાધાજી બોલ્યા અંતે હું એની, તો જુગલા સ્વરૂપે સધાર્યા રે ....... ૭

હાંકો રથ રહ્યાં સહુ થોભી, રાધા કૃષ્ણ પર રહ્યાં છે લોભી;
ગોકુલ ગામ રહ્યું સર્વે શોભી, તો જુગલા સ્વરૂપે સધાર્યા રે ........ ૮

કુંવર પરણાવીને નંદ ઘેર આવ્યાં, સુંદર નાર પદ્મણિ લાવ્યાં;
સોનાને ફૂલડે સર્વે વધાવ્યાં, જુગલા સ્વરૂપે સધાર્યા રે ............. ૯

શશિ કોટિ ઉપમા રે જેને, નંદજીનો લાલો પરણ્યો છે તેને;
નિરખીને વલ્લભ થયો છે આનંદ, તો જુગલા સ્વરૂપે સધાર્યા રે ..૧૦

## ૩૯. જોગીન્દ્ર પણું રે શિવજી તમારૂ મેં જાણ્યું

અનુક્રમણિકા

જોગીન્દ્ર પણું રે શિવજી તમારૂ મેં જાણ્યું
જટામાં ઝાલી રે શિવજી રત્ન ક્યાંથી આણ્યુ તો ...... જોગીન્દ્ર° ટેક

કોઈ લાવે હાથે ઝાલી કોઈ લાવે કેડે ઝાલી
તમે તો લાવ્યા રે શિવજી મસ્તકે ચડાવી તો .......... જોગીન્દ્ર° ૧

નથી લાવ્યો હાથે ઝાલી નથી લાવ્યો કેડે ઝાલી
જટામાં ઝાલીને લાવ્યો ગંગા રૂપાળી તો ............... જોગીન્દ્ર° ૨

ભોળા ભોળા શંભુ તમને વિશ્વ વખાણે
મહાદેવના ગુણ તે તો પાર્વતી જાણે તો ................ જોગીન્દ્ર° ૩

અંગે ભભૂતિ શિવજી કંઠે કાળો નાગ
કૈલાસની ઝુંપડીમાં ગંગા માંગે ભાગ તો ................ જોગીન્દ્ર° ૪

લીલી પીળી પટોળીને ખાંધે છે ઝોળી
શીદને છુપાવો વાલા સતી થકી નારી તો ............. જોગીન્દ્ર° ૫

જુઠું બોલો તો શિવજી જટા રે છોડાવુ
જો નીકળે નારી તો ફરી ના બોલાવુ ..................... જોગીન્દ્ર° ૬

સુખડનું લાકડુ ને અબીલ ગુલાલ
કેસર ઘોળાવુ ચંદન ચઢે રે કપાળ તો ............ જોગીન્દ્ર° ૭

ચોરની બુદ્ધિ ને આડો વળ્યો આંક
પરણી લાવ્યા રે મારા કરમનો વાંક તો ........... જોગીન્દ્ર° ૮

હું રે શું જાણું મારા પતિનો ધર્મ
નાખું છું શ્રાપ ને ભસ્મ કરૂં પાપ તો ............... જોગીન્દ્ર° ૯

બાજરાનો રોટલો ને ટીંડોળાનું શાક
પીરસે પાર્વતી માતા જમે ભોળાનાથ તો ......... જોગીન્દ્ર° ૧૦

આંકડો ધંતુરો શિવજી ભાવના છો ભોગી
ભણે રે નરસૈંયો વ્હાલો જુનાગઢનો જોગી તો ... જોગીન્દ્ર° ૧૧

## ૪૦. રામ લક્ષ્મણ વન સીધાવ્યા--

લગ્નના દિવસોમાં મળસ્કે ગવાતાં પ્રભાતિયાના પદો ...

નાદબ્રહ્મ પદ-૮૧૯

અનુક્રમણિકા

રામ લક્ષ્મણ વન સીધાવ્યા, સતી સીતા તે આવતા સાથ,
કહે રઘુનાથ, પધારો પિયર ભણી ........... ટેક
નહિ તો અહીં રહો સસરાના રાજમાં, હેતે હળીમળી સાસુ સંગત,
જોડી બન્ને હાથ, પધારો પિયર ભણી ....... ૧
અમે વસતીમાં નહિ વસીએ વિનંતિ, અમે રહીશું જઈ વનવાસ,
તમો પામો ત્રાસ, પધારો પિયર ભણી ...... ૨
વનમાં નહિ મળે રથ કે ઘોડલા, વનમાં નહિ મળે દાસી કે દાસ,
નથી કોઈ પાસ, પધારો પિયર ભણી ......... ૩
તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલતા પામશો થાક,
લીટી ખેંચી નાક, પધારો પિયર ભણી ....... ૪
વનમાં નહિ મળે મંદિર ને માળિયા, નથી પોઢવા સેજ પલંગ,
રંગીત નવરંગ, પધારો પિયર ભણી ......... ૫
અમે વનફળ ખાઈ સુખે રહીશું, કોઈ દિવસ કેવળ શાક,
વિના લુણ પાક, પધારો પિયર ભણી ........ ૬
અમે ઘાસ કે પાનની કરશું ઝૂંપડી, સુવા જાશો તો ખૂંચશે અંગ,
તેનો શું ઉમંગ, પધારો પિયર ભણી ......... ૭

વનમાં હીરના ચીર મળે નહિ, વનમાં નહિ મળે ફૂલેલ,
કે તેલ ધૂંપેલ, પધારો પિયર ભણી .......... ૮
વનમાં નહિ મળે સરખી સાહેલીઓ, તમે કોની સાથે કરશો ખેલ,
ઉમંગ ભરેલ, પધારો પિયર ભણી .......... ૯
ઉષ્ણ કાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ,
જ્યારે જેઠ માસ, પધારો પિયર ભણી .......... ૧૦
વરસે મેઘ ને ઝબકે વીજળી, તેવે ટાણે તરૂ તળે વાસ,
નથી છત્ર પાસ, પધારો પિયર ભણી .......... ૧૧
વનમાં ઘાતકી રાક્ષસ વસે ઘણા, ચારે તરફ બહુ ફરે ચોર,
તેનું ઘણું જોર, પધારો પિયર ભણી .......... ૧૨
વનમાં વાઘ વરૂ ને ઘણા વાંદરા, ઘણા રીંછ જનાવર જોર,
બચે નહિ ઢોર, પધારો પિયર ભણી .......... ૧૩
મોટા પર્વત દેખીને માનુની, તમને નજરે જોયા નહિ જાય;
દીસે ખાવા ધાય, પધારો પિયર ભણી ..... ૧૪
તમે રાજકન્યા રે કાયા કુમળી, વનવાસ દુઃખો ન વેઠાય;
કાયા કરમાય, પધારો પિયર ભણી .......... ૧૫
વનમાં અંધારૂ દેખી ડરે ઘણા, નથી નીકળ્યા કદી ઘર બાર;
છો નાજુક નાર, પધારો પિયર ભણી .......... ૧૬

→

તમે છો ઉંમર વર્ષ સોળનાં, નથી સંકટ વેઠ્યાં લગાર;
તમે કોઈવાર, પધારો પિયર ભણી .......... ૧૭
પરણી આવી પિયર ગયા નથી, તમને મળવાને ઈચ્છે છે માત;
ચોંપે ચિત્ત જાય, પધારો પિયર ભણી ......... ૧૮
રાજા જનકજી તમને ઝંખે ઘણું, તેમના સંદેશા સોહાય;
તેડાં પાછાં જાય, પધારો પિયર ભણી ...... ૧૯
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિ માટ;
પૂરાવીને થાળ, પધારો પિયર ભણી .......... ૨૦
અમે અવધ ફરી આવશું, ત્યારે લેશું તમારી સંભાળ;
અમે તત્કાલ, પધારો પિયર ભણી .......... ૨૧
રૂડી મિથિલાપુરી મન ભાવંતી, તમે પામશો પરમ વિશ્રામ,
છે બાપનું ગામ, પધારો પિયર ભણી .......... ૨૨
ગોરી તમને ગમે તેમ હું કરું, એમ દલપતરામના શ્યામ,
કહે રાજારામ, પધારો પિયર ભણી .......... ૨૩

## ૪૧. કુવાને કાંઠે બે સાધુ વૈરાગી

અનુક્રમણિકા

કુવાને કાંઠે બે સાધુ વૈરાગી, બેની મને પાણીલા પાવો રે
રાસ જ ટૂંકી મારો ઘડુલો ના ડૂબે, કેમ કરી પાણીલા પાઉં રે ... ટેક

ચીર ફાડીને બેનીએ રાસ ગંઠાડીયા, સાધુને પાણીલા પાવા રે
કંઠી બાંધો તો બેની પાણીલા પીએ, નુગરા જળ નવ લઈએ રે ... ૧

કંઠી બાંધી રે બેનીએ પાણીલા પાયા, સાધુને તૃપ્ત કીધાં રે
બેડું લઈ રે વહુજી ઘેરે રે આવ્યા, સાસુજી ઉભેલા બહાર રે ......... ૨

કંઠી તોડો તો વહુજી ઘરમાં રે પેસો, પાદરે ઝુંપડી બાંધો રે
કંઠી ના તોડું તારા ઘરમાં ન પેસું, પાદરે ઝુંપડી બાંધુ રે .......... ૩

ઝુંપડી ઉડીને આકાશમાં ગઈ, કંચન મહેલ બંધાયો રે
ભલે મળ્યા રે મહેતા નારસૈંઈના સ્વામી,
ગોપીઓ આનંદ પામી રે .... ૪

## ૪૨. હરિને ભજતાં હજી કોઈની લાજ

નાદબ્રહ્મ પદ-૮૦૩

અનુક્રમણિકા

હરિને ભજતાં હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળીઆની સાથ, વદે વેદ વાણી રે ... ટેક

વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યાકંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે ... ૧

વ્હાલે નરસિંહ મહેતાનો હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે ... ૨

વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર, હળાહળ પીધાં રે;
પાંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે ... ૩

વ્હાલે અંબરીષની ઓળખાણ, અવતાર દશ લીધાં રે;
વ્હાલે ગજની તે કીધી સહાય, ગરુડ પરહર્યા રે ... ૪

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે;
કરજોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે ... ૫

# Notes

# Notes

RamkabirBhajans.org